An International Multidisciplinary Journal
अनन्यशास्त्रम्
(A Unique Treatise of Knowledge)
ISSN:3049-3927 (Online)
Volume: 01 | Issue: 02 | August: 2025
Research Article

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
Peer-Reviewed | Refereed | Open Access Journal
DOI: https://doi.org/10.64328/aimjv01i02028

# આત્મ વિચાર: વિવિધ દર્શનોની દ્રષ્ટિએ

મીનાક્ષી તેજાભાઈ ઝાલા

## સારાંશ

ભારતીય સંસ્કૃતિમાં સૌથી શ્રેષ્ઠ ચિંતન આધ્યાત્મિક ચિંતન છે. જે માત્ર 'સ્વ' માટે નહિ પરંતુ 'સર્વ' માટે કરવામાં આવ્યું છે. લુપ્તપ્રાય સનાતન ધર્મની પુન:સ્થાપના અને હિન્દુ ધર્મના ઉદ્ધારનો માર્ગ આધ્યાત્મિક છે. ભારતીય દર્શનોમાં તાત્વિક દષ્ટિએ સત્યની શોધ કરવામાં આવી છે. જેમાં કર્મ, ધર્મ અને જ્ઞાન એમ ત્રિપથા માર્ગનો સમાવેશ થાય છે. મહર્ષિઓએ દર્શનોમાં આનંદાત્મક બ્રહ્મના સાક્ષાત્કાર માટે ઉપનિષદભાગની દિવ્યદ્રષ્ટિ દ્વારા જગતમાં તત્વજ્ઞાન માટેનો વિચાર પ્રસ્તુત કર્યો છે. તત્વજ્ઞાનમાં અચેતન, ચેતન-જીવ, ઈશ્વર, આત્મા આદિ. જે જીવનના અંતિમ સત્ય સુધી લઈ જનારું છે. મનુષ્ય પોતાના સ્વરૂપને જ્યારે ઓળખી લે છે ત્યારે એ સત્-ચિત્ અને આનંદ સ્વરૂપ બની જાય છે. દર્શનશાસ્ત્ર માત્ર ચિંતનતત્વ નથી પરંતુ વ્યક્તિક જીવનને સંમાર્જન કરીને, પરમ સત્ય સુધી પહોંચવામા મદદ કરે છે.

**ચાવીરૂપ શબ્દો** : દર્શનશાસ્ત્ર, તત્વજ્ઞાન, જીવન, આત્મબોધ, બ્રહ્મ.

## પ્રસ્તાવના

ભારતીય સાહિત્યમાં વિપુલ પ્રમાણમાં વૈદિકકાળથી અનેક મહાન શાસ્ત્રગ્રંથો આપણને પ્રાપ્ત થયાં છે; જેમાં ભારતીય દર્શનોનો સમાવેશ થાય છે. તેને તત્વજ્ઞાન તરીકે પણ ઓળખવામાં આવે છે. જે ઉપનિષદકાળના ઋષિમુનિઓની મહાન શોધ હતી. તેમજ તેમના દ્વારા એકાંતમાં કરવામાં આવેલા સાધના અને તપસ્યાનું ઉત્કૃષ્ટ ફળ છે. તત્વજ્ઞાનમાં અચેતન, ચેતન-જીવ, ઈશ્વર, આત્મા આદિ તત્વોની ચર્ચા કરવામાં આવી છે. અહીં આત્મતત્વ સંબંધી વિચાર પ્રગટ કરવામાં આવ્યો છે. વિશ્વમાં નિરંતર બદલાતા નશ્વર પદાર્થોના મૂળમાં રહેલું અનશ્વર, અવિચળ, અભિન્ન - તત્વ આત્મા છે. આત્માના વિષયમાં સામાન્ય રીતે કહીએ તો – 'પ્રત્યેક પ્રાણીમાં એક ચેતન તત્વ હોય છે, તે જ ચેતન તત્વને આત્મા તરીકે ઓળખવામાં આવે છે.' આત્મા અને બ્રહ્મ વચ્ચે ભેદ નથી, બંને અદ્વૈત છે. દેશ, કાળ, આદિ ઉપાધિ આત્માને લગાડી શકાતી નથી. આત્મા સ્વયં પ્રકાશક છે. બ્રહ્મ અને આત્માના ઐક્યનો અનુભવ દરેક વ્યક્તિએ જાતે આત્મસાક્ષાત્કાર દ્વારા કરવો જોઈએ. એ ઉપદેશથી દર્શનોમાં ભિન્ન-ભિન્ન મતો દ્વારા આત્મતત્વનો વિચાર થયો છે.

*લેખક સંપર્ક: મીનાક્ષી તેજાભાઈ ઝાલા, પીએચ.ડી. શોધાર્થી, સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ગુજરાત, ભારત.,
Email: zalaminu9@gmail.com, ORCID: https://orcid.org/0009-0003-0858-8881
© 2025 Author(s). Published by Young India Publication, Gandhinagar, Gujarat, India

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

## આત્મ વિચાર

વિશ્વમાં કોઈ ભૂતપ્રાણી એવો નહિ હોય કે જેણે પોતાના જીવનમાં ક્યારેય આત્મ વિશે વિચાર કર્યો ન હોય. આત્મા એક જટિલ અને રહસ્યમય તત્વ છે, જેને સંપૂર્ણપણે સમજવું મનુષ્ય માટે અત્યંત કઠિન છે. આત્મા જીવનનું હાર્દ છે. આત્મા આંખ વિનાનો હોવા છતાં જુએ છે, કાન વિનાનો હોવા છતાં સાંભળે છે. તે જાણવા લાયકને જાણે છે પરંતુ તેનો કોઈ જાણનારો નથી. આત્મા શુદ્ધ અને નિત્ય જ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાન પણ નિત્ય આત્મારૂપ જ છે. આપણે થતાં જ્ઞાનની પ્રક્રિયામાં એકીકરણ કરનારું જે તત્વ છે તે આત્મા છે. *विज्ञातारमरे केन विजानीयात्। (बृहदारण्य उपनिषद् २:४:१४)* અર્થાત્ 'જે બધાને જાણવાવાળો છે તેને કેમ જાણવો?' મહાન વિદ્વાનો દ્વારા આત્મતત્વ સંબંધી એવું ચિંતન કરવામાં આવ્યું છે કે આત્મા અવયવોવાળો નથી અને ઇન્દ્રિયાદિ કોઈનો વિષય પણ નથી; છતાં એ આત્મા 'હું' છું એ આત્મા 'તું' છે એવા જ્ઞાનનો વિષય છે. તે સર્વમાં સર્વ સ્થળે સિદ્ધ છે. આમ આત્મના સ્વરૂપ તથા અસ્તિત્વના સંબંધમાં વિભિન્ન દાર્શનિકોના મતો વિશે અહીં ચર્ચા કરવામાં આવી છે.

**૧. ચાર્વાકમત** – ચાર્વાક દર્શન નાસ્તિક દર્શન છે. ચાર્વાકમતાનુયાયી  નિત્ય અને શાશ્વત એવા આત્મતત્વનો સ્વીકાર કરતાં નથી. તેમના માટે તો શરીર જ આત્મા છે. સ્થૂળ શરીરને જ તેઓ આત્મા તરીકે સ્વીકારે છે અને તેના માટે યુક્તિ પ્રમાણ કહે છે – જ્યારે કોઈ ઘરમાં આગ લાગે ત્યારે તેમાં કોઈ માતા-પિતા પોતાના પુત્રને છોડીને આત્મ રક્ષણ માટે બહાર આવી જાય છે. અહીં પુત્રની અપેક્ષાએ પોતાના શરીર સાથે અધિક પ્રેમ પ્રદર્શિત થાય છે. તેમજ 'હું જાડો છું', હું દુર્બળ છું' વગેરે અનુભવપ્રમાણ દ્વારા સ્થૂળ શરીરને જ આત્મા માનવામાં આવે છે.

ઇન્દ્રિયવાદી ચાર્વાક –  ઇન્દ્રિયોને જ આત્મા તરીકે સ્વીકારે છે. કારણ કે ચૈતન્ય દ્વારા થવાવાળી શારીરિક ચેષ્ટા ઇન્દ્રિયના હોવાથી જ સંભવી શકે છે. તેના અભાવમાં શરીર ચેતનાવિહીન બની જાય છે. તેઓ યુક્તિ પ્રમાણ આપતા કહે છે – શરીર મૂર્છા અવસ્થામાં હોય છે ત્યારે ઇન્દ્રિયોનો અભાવ હોય છે આથી ક્રિયાનો પણ અભાવ હોય છે. આમ, ઇન્દ્રિય જ આત્મા છે એવું માને છે. અન્ય ચાર્વાકો પ્રાણોને આત્મા માને છે. તેમના મતે શરીર, ઇન્દ્રિય આત્મા નથી, પરંતુ પ્રાણ આત્મા છે. કારણ કે પ્રાણ નષ્ટ થઈ જવાથી સમસ્ત ઇન્દ્રિયો નિશ્ચલ થઈ જાય છે અને વિષયોને ગ્રહણ કરવાનું છોડી દે છે.

ઉપર્યુક્ત ચાર્વાકોના મતોનું ખંડન કરીને અન્ય ચાર્વાક આચાર્યો મનને જ આત્મા કહે છે. તેઓના મતાનુસાર સુષુપ્તિ અવસ્થામાં જ્યારે મન સૂઈ જાય છે, ત્યારે પ્રાણાદિનો અભાવ જોવા મળે છે. મનની જાગ્રત અવસ્થામાં પ્રાણ, ઇન્દ્રિઓ, શરીર વગેરે કાર્ય કરે છે તેવું જોઇ શકાય છે. આથી મન જ આત્મા છે એવું ન્યાયસંગત રીતે કહી શકાય છે. આ ઉપરાંત હું સંકલ્પવાન છું, હું વિકલ્પવાન છું એમ નિત્ય અનુભવ થવાથી મન જ આત્મા છે. *'अन्योंडन्तर आत्मा मनोमय:'*

**૨. બૌદ્ધ દર્શન** - *'अन्योऽन्तर आत्मा विज्ञानमय:'* અર્થાત્ બૌદ્ધો અનુસાર ક્ષણિક વિજ્ઞાન આત્મા છે. તેઓ બુદ્ધિમાં આત્મતત્વનું પ્રતિપાદન કરે છે. જેવી રીતે ઘટનું નિર્માણ કરવા માટે કુંભારને ઉપસ્થિતિ જરૂરી છે. તેવી જ રીતે મન વગેરે ઇન્દ્રિયોની ચેષ્ટા માટે બુદ્ધિનું અસ્તિત્વ હોવું જરૂરી છે. કુંભારના ચકની સમાન મનમાત્ર કારણ રૂપ છે, જો કુંભારરૂપી બુદ્ધિ વિદ્યમાન ન હોય તો મનરૂપી ચક્ર ઘટઆદિનું નિર્માણ કરવા સમર્થ નથી. યુક્તિ પ્રમાણ દ્વારા તેઓ સ્પષ્ટ રીતે સમજાવે છે કે – કર્તાના ન હોવાથી કારણમાં કાર્ય કરવાની શક્તિનો અભાવ હોય છે. માધ્યમિક બૌદ્ધોના મતાનુસાર શૂન્ય જ આત્મા છે.

**ANANYAŚĀSTRAM:**
*An International Multidisciplinary Journal*
*(A Unique Treatise of Knowledge)*
ISSN : 3049-3927(Online)

**૩. જૈન દર્શન** – જૈનો આત્મતત્વ વિશે કહે છે કે જીવ જ આત્મા છે. જે પરિણામી નિત્ય છે. જે કાંઇ જીવે છે તે ચેતનયુક્ત છે, એ જ જીવ છે. જગતમાં જીવોની સંખ્યા અનંત છે અને તે બધા સમાન તથા નિત્ય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્યસંપન્ન હોવું, પરંતુ સંસારમાં આનું (આત્મા) આ રૂપ કર્મના સૂક્ષ્મ આવરણ દ્વારા આચ્છાદિત થયેલું છે. કર્મના બંધનને નષ્ટ કરીને મુક્ત થઈ શકાય છે એવું જૈનો સ્વીકારે છે.

**૪. સાંખ્ય-યોગ દર્શન** – સાંખ્ય-યોગાનુસાર આત્મા કૂટસ્થનિત્ય છે. આત્મા અપરિણામી છે. પુરુષ અને પ્રકૃતિને તેઓ નિત્ય માને છે. પુરુષ જ અહીં આત્મ સ્વરૂપ છે જે દરેક દેહમાં ભિન્ન-ભિન્ન છે. આ વાતને સમજાવતા કહે છે કે –

*"जननमरणकरणानाम् प्रतिनियमात् आयुग्पत्प्रवृत्तेश्च |*
*पुरुष बहुत्वं सिद्धम् त्रैगुण्यविपर्यात् चैव" || (सांख्य का. १८)*

અર્થાત્ 'પ્રત્યેક શરીરના જન્મ જુદા-જુદા સમયે થાય છે, મૃત્યુ અને ઇન્દ્રિયોની સ્વતંત્ર સ્થિતિ હોય છે, એક સાથે પ્રત્યેક વ્યક્તિ સર્વ કાર્યોમાં પ્રવૃત્ત ન થઈ શકે, તેમજ સત્વ, રજસ અને તમોગુણની ભિન્નતાને કારણે એવું સિદ્ધ થાય કે આત્મા પ્રત્યેક શરીરમાં જુદો જુદો છે. જગતમાં ભૂત પ્રાણીઓ દ્વારા અનુભવાતા સુખ, દુ:ખ, દ્વેષ, કામ, ક્રોધ વગેરે પરિણામો આત્માના નહિ પરંતુ પ્રકૃતિના છે, એવું સાંખ્ય-યોગ માને છે.

**૫. ન્યાય-વૈશેષિક દર્શન** – આત્માના વિષયમાં ન્યાય અને વૈશેષિક દર્શન સમાન વિચાર રાખે છે. અહીં ચૈતન્યની આધારભૂત સત્તાને જ આત્મા કહે છે. ચેતન ધર્મને કારણે જ આત્માનું અસ્તિત્વ માન્ય ગણાય છે. ચૈતન્ય ધર્મ શરીરનો ગુણ નથી. જો એવું હોત તો શરીરના ભિન્ન-ભિન્ન ભાગોમાં એની સ્થિતિ હોત અને શરીરનું ક્યારેય મૃત્યુ થવું પણ અશક્ય હોત. કેમ કે, ગુણ અને ગુણીને અલગ કરી શકાય નહિ. જ્ઞાન આદિ આત્માનો ગુણ છે પરંતુ તેઓ આત્માની ઉત્પત્તિ- વિનાશરહિત, નિત્ય, એકાંત, અપરિણામી અને વિભુ માને છે. વૈશેષિકો આત્માના બે ભેદ માને છે – ૧. જીવાત્મા અને ૨. પરમાત્મા. તેમના મતે જીવાત્મા અનેક છે જ્યારે પરમાત્મા એક છે. શરીરમાં બુદ્ધિ, સુખ, દુ:ખ, રાગ, દ્વેષ, ઈચ્છા વગેરે ગુણો દરેક દેહમાં જુદા-જુદા છે. આથી જીવાત્મા પણ અનેક છે.

મીમાંસકો – મીમાંસકો આત્માની સત્તાને સ્વીકારતાં કહે છે કે, જો આત્મા હોય નહિ તો યાગ, યજ્ઞ વગેરે વૈદિક ક્રિયાકાંડ કોણ કરવાનું હતું? આત્મા એ દેહથી, ઇન્દ્રિયોથી તેમ જ બુદ્ધિથી ભિન્ન છે. આત્માની અનેકતા હોવાના કારણે જ અનુભવોની વિવિધતા સમજાવી શકાય છે. આત્માને જ્ઞાનનો વિષય અને વિષયી બંને માને છે. પરંતુ મીમાંસા દર્શનના પ્રસિદ્ધ વિચારક પ્રભાકરભટ્ટ આ બાબતે અસહમતી વ્યક્ત કરતાં કહે કે – કોઈ પણ વસ્તુમાં એક સાથે કર્તા અને કર્મ બંને હોઈ શકે નહિ. આત્માને હંમેશા બોધના કર્તારૂપ જાણવો જોઈએ કર્મરૂપ નહિ.

ઉત્તરમીમાંસકો દ્વારા ઉપનિષદગ્રંથોના આધારે આત્માની વિષદ્ ચર્ચા વિચારણા કરવામાં આવી છે. તેઓએ આત્મા માટે જે-જે વિશેષણોનો પ્રયોગ કર્યો છે તે-તે વિશેષણો બ્રહ્મ માટે પણ પ્રયોજાયેલાં છે. આ દ્રષ્ટિએ બ્રહ્મનું બીજું નામ આત્મા છે. જેવી રીતે સૂર્યને જોવા માટે દીપકની આવશ્યકતા હોતી નથી, તેમ આત્માના અસ્તિત્વને સિદ્ધ કરવા માટે પ્રમાણની આવશ્યકતા નથી. આત્મા બ્રહ્મની જેમ સત્-ચિત્ અને આનંદસ્વરૂપ છે. આત્મા અહંકાર, બુદ્ધિ અને તેના વિષયોને પ્રકાશિત કરે છે. તેઓ શ્રુતિ અને ઉપનિષદોના પ્રમાણના આધારે આત્માને એક માને છે. અહીં સાંખ્યના 'પુરુષ બહુત્વ'નું ખંડન કરતાં કહે છે કે, જેવી રીતે પાણી ભિન્ન-ભિન્ન પાત્રના આધારે જુદા જુદા આકારે ઉદ્ભાષિત થાય છે પરંતુ વાસ્તવમાં પાણી તો એક જ હોય છે તેમ આત્મા પણ ભિન્ન-ભિન્ન શરીરમાં અનેક સ્વરૂપે દેખાય છે. પરંતુ

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

વાસ્તવમાં આત્મા એક જ છે. આ બ્રહ્મરૂપ આત્મતત્વ અવિદ્યાના આવરણથી આવૃત્ત હોવાથી 'જીવ' કહેવાય છે. જ્યારે અજ્ઞાનનું આવરણ દૂર થાય છે ત્યારે જીવ પોતાના વાસ્તવિક સ્વરૂપને પ્રાપ્ત કરીને બ્રહ્મરૂપ બની જાય છે. આમ બ્રહ્મ અને જીવની એકતા સિદ્ધ થાય છે.

## ઉપસંહાર

અહીં ભારતીય-દર્શનોની દષ્ટિથી આત્મ-વિષયક વિચારોનું અધ્યયન કરવામાં આવ્યું છે પરંતુ આત્મ વિચારમાં પરસ્પર વિરોધ હોવાથી આપણને સત્યને જાણવાની જિજ્ઞાસા થાય તો તેના માટે શ્રુતિ વેદવાક્યોને પ્રમાણ તરીકે સ્વીકારીને વિરોધ દૂર કરી શકાય છે. દર્શનશાસ્ત્ર દ્વારા આપણે તર્ક અને પ્રમાણના આધારે જીવનમાં રહેલા અંધકારને દૂર કરીને, દીપજ્યોતિ દ્વારા જીવનરૂપી પથને પ્રકાશિત કરી શકીએ છીએ.

## સંદર્ભગ્રંથસૂચિ

१. सदानंद-प्रणीत वेदान्तसार-डॉ.आद्याप्रसाद मिश्र, अक्षयवट प्रकाशन इलाहाबाद, प्रथम संस्करण : १९९९
२. भारतीय दर्शन, डॉ. उमेश मिश्र, उत्तर प्रदेश हिन्दी संस्थान, लखनऊ, षष्ठ संस्करण-२०१४
३. दर्शनशास्त्र का अंतरंग इतिहास, डॉ. राकेश शास्त्री, चौखम्भा ओरियन्टालिया प्राच्यविद्या, दिल्ली- प्रथम संस्करण-२०२१
४. श्रीईश्वरकृष्णविरचित गौड़पादभाष्यसहिता सांख्यकारिका, पं.श्रीज्वालाप्रसाद गौड़, चौखम्बा विद्याभवन, वाराणसी
५. वेदान्त-दर्शन [ब्रह्मसूत्र], हरिकृष्णदास गोयंदका, गितप्रेस गोरखपुर
૬. શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન-ડૉ. સી.વી. રાવળ, પ્રકાશક- યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત, તૃતીય આવૃત્તિ-૨૦૧૩
७. राधाकृष्णन् भारतीय दर्शन, भाग; १-२, राजपालएन्ड संस, दिल्ली आवृत्ती-पुनर्मुद्रित-२०१६.